અપીલ અરજી નં.૩૮૦ તા.૨૭–૧–૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૦૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીના શાળા નં.૧૭૮/૭૯ ની સામે આવેલ સી.ઓ.પી.ની જગ્યા પર પ્લોટ નં.૧૫/૧૬ વાળી જે હંસ હોસ્પિટલવાળાએ કંમ્પાઉન્ડ પાકો બનાવવા બાબતે મંદ્રા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૦/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૦૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીના શાળા નં.૧૭૮/૭૯ ની સામે આવેલ સી.ઓ.પી.ની જગ્યા પર પ્લોટ નં.૧૫/૧૬ વાળી જે હંસ હોસ્પિટલવાળાએ કંમ્પાઉન્ડ પાકો બનાવવા બાબતે મંદ્રા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે અરજદારે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૫ તા.૫–૨–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીના શાળા નં.૧૭૮/૭૯ ની સામે આવેલ સી.ઓ.પી.ની જગ્યા પર પ્લોટ નં.૧૫/૧૬ વાળી જે હંસ હોસ્પિટલવાળાએ કંમ્પાઉન્ડ પાકો બનાવવા બાબતે મુદ્દા નં.૧ સદર જગ્યા સીઓપીની હોય તેના પર પાકી દિવાલ બનાવી છે તે કાયદેસર છે. મુદ્દા નં.ર સદર જગ્યા (બાગ) બનાવવા માટે સીઓપીમાં રાખેલ છે જે જગ્યાનું મહાનગરપાલિકાએ કબ્જો કેમ નથી લીધો? મુદ્દા નં.૩ સદર જગ્યા પર તારની વાડ બનાવેલ તે વાડ તોડી મહાનગરપાલિકાને નુકશાન કર્યુ છે તે નુકશાની કોની પાસેથી વસુલ કરશો? મુદ્દા નં.૪. સદર નંબરના પ્લોટવાળાએ હંસ નામની હોસ્પિટલ બનાવેલ છે તેનો દરવાજો સી.ઓ.પી. માં કયા કાયદા હેઠળ કરાયો છે.? મુદ્દા નં.૫ સદર જગ્યા પર ગેરકાયદેસર બાંધકામ થયું છે તેને કેમ દુર કરવામાં આવ્યું નથી. મુદ્દા નં.૬ સદર સીઓપીની જગ્યા પર થયેલા દબાણ કયારે દુર કરવામાં આવશે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી નિયત સમય મર્યાદામાં આપેલ નથી એવું જણાવી અપીલ કરવામાં આવેલ છે. અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ વિધાન જણાય છે. તેમાં કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ મુદ્દા નં.ર થી ૬ ની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ